**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચનું એરિયર્સ ચૂકવવા બાબત**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : SJED/ASC/e-file/17/2025/0008/K,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ ઇ-સાઇન મુજબ

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૧૧/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:SJED/ASC/e-file/17/2022/1526/K
(૨) નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ)નો તા.૨૫/૦૩/૨૦૨૫નો પત્ર ક્ર: અજાક/ગ/આ.શા./૨૦૨૫/૧૮૧૪-૧૫
(૩) નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ)નો તા.૧૨/૦૩/૨૦૨૫નો પત્ર ક્ર: વિજાક/અમશ/સ.પ.અ./૨૦૨૪-૨૫/૭૮

**પ્રસ્તાવના:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૧૭/૧૧/૨૦૨૩ના ઠરાવથી વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના અનુસૂચિ-૧માં પ્રમાણેના કુલ ૧૮૨૬ શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવની શરત નં.૫ મુજબ "આશ્રમશાળાઓના કર્મચારીઓની તા.૦૧/૦૧/૨૦૧૬થી પગાર સુધારણા મંજૂર કરવાની રહેશે. પરંતુ, ખરેખર પગારમાં ચૂકવણી વહીવટી વિભાગના હુકમોની તારીખથી પછીના માસની પહેલી તારીખથી મળવાપાત્ર થશે. તા.૦૧/૦૧/૨૦૧૬થી ખરેખર પગારમાં ચૂકવણીની તારીખ વચ્ચેના સમયગાળાના તફાવતની રકમ અંગે સંબંધિત નિયામકશ્રીઓએ વહીવટી વિભાગ મારફતે નાણાં વિભાગની મંજૂરી અર્થે અલગથી દરખાસ્ત કરવાની રહેશે" તેમ ઠરાવેલ હતું. જે અન્વયે નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) અને નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ના અનુક્રમે વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૨૫/૦૩/૨૦૨૫ અને વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૧૨/૦૩/૨૦૨૫ના પત્રોથી વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી સાતમા પગારપંચ મુજબ ખરેખર ચુકવણીની તારીખ સુધીના સમયગાળા માટે સાતમા પગારપંચના એરિયર્સની રકમ ચૂકવવા અંગે મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. સદરહુ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) હેઠળની આશ્રમશાળાના ૫૦૫ કર્મચારીઓ અને નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) હેઠળની આશ્રમશાળા તથા ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના ૧૦૬૫ કર્મચારીઓ એમ કુલ ૧૫૭૦ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬થી સાતમા પગારપંચ મુજબ ખરેખર ચૂકવણીની તારીખ સુધીના સાતમા પગાર પંચ મુજબ પગાર તફાવતની રકમ ત્રણ હપ્તામાં એટલે કે પ્રથમ હપ્તો જૂન-૨૦૨૫, બીજો હપ્તો સપ્ટેમ્બર-૨૦૨૫ અને ત્રીજો હપ્તો ડિસેમ્બર-૨૦૨૫ એમ ત્રણ હપ્તામાં ચુકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

નાણાં વિભાગ દ્વારા સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા મંજૂર કરેલ હોય તેવા કર્મચારીઓને જ એરિયર્સની ચૂકવણી કરવાપાત્ર થશે તથા કર્મચારીઓને મળવાપાત્ર લાભો (એરીયર્સ) કરતાં વધુ લાભો ચુકવાઇ ન જાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) અને નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૮/૦૫/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્રદાન એચ.ગઢવી)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

Signature Not Verified
Signed by: N H Gadhavi
Joint Secretary
Date: 2025.06.06
16:02:43 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના નાયબ સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સંયુક્ત સચિવશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, (અનુસૂચિત જાતિ કલ્યાણ), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, (વિકસતી જાતિ કલ્યાણ), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબસાઇટ પર મુકવા માટે)
સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by:N H Gadhavi
Joint Secretary
Date: 2025.06.06
16:02:43 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign